# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

તૃતીય વર્ષ અભ્યાસક્રમ-૨

જુલાઈ - 2025

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં.

**પ્રશ્ન- ૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. ........ નું ઉત્કૃષ્ટ થી સાત હાથ શરીર હોય છે.
૨. ભદ્રબાહુસ્વામીએ સવા લાખ શ્લોક પ્રમાણ..................ગ્રંથ રચ્યો હતો.
૩. શાસ્ત્રકારોએ સાધુને છ કાયના જીવોના..................કહયા છે.
૪. જ્યાં સુધી તીવ્ર રાગ-દ્વેષ ની ગાંઠ-ગ્રંથી છે ત્યાં સુધી પ્રથમ.................... છે.
૫. સ્થુલભદ્ર મુનિએ બે વસ્તુ ઓછા એવા............... નો અભ્યાસ કર્યો.
૬. ............... ની અવગાહના મૂઠી વાળેલા એક હાથ જેટલી છે.
૭. ................ ગુણસ્થાન માં રહેલો જીવ આયુષ્ય બાંધતો નથી અને મૃત્યુ પણ પામતો નથી.
૮. ધર્મનું કામકાજ જીવને...............અટકાવવાનું છે.
૯. સદ્ગુરુના ઉપદેશથી, શાસ્ત્રોના શ્રવણથી જીવાજીવાદિ નવતત્વમાં શ્રદ્ધા થાય છે તે................છે.
૧૦. શ્રી સ્થૂલભદ્રસ્વામી......ઉપર પાક્ષિક સંલેખના પૂર્વક અનશન કરી સ્વર્ગે ગયા.
૧૧. આત્માના વિશુદ્ધ અધ્યવસાયના બળથી જીવ પુર્વે કદિ ન કરેલ ગ્રંથીભેદ કરવાનું કાર્ય કરે તે...............છે.
૧૨. ક્રોધાદિનાં કારણ ઉત્પન્ન થવા છતાં, તીવ્ર ક્રોધનો અભાવ તે....................છે.
૧૩. ..................સમકિતિ જીવ મનુષ્ય અથવા દેવ ગતિમાં જાય છે.
૧૪. શ્રેયાંસ કુમારના હાથે પ્રભુનું.....................ઇક્ષુરસથી પારણું થાય છે.
૧૫. સર્વ ભયો શ્રી પાર્શ્વજિનના નામનું સારી રીતે કીર્તન કરવાથી......................જાય છે.
૧૬. ગોળ અને દહીંનો સંયોગ થવાથી એમાં ત્રીજો જ રસ નિર્માણ થાય છે, જે....................કહેવાય છે.
૧૭. .................કષાયોના ઉદયથી જીવ વ્રત-પચ્ચક્ખાણ રહિત હોય છે.
૧૮. અંતરકરણના અંતે જો શુદ્ધ પુંજ એટલે સમ્યક્ત્વ મોહનીય ઉદયમાં આવે તો...............સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.
૧૯. શ્રમણ સંઘનું ન માને તેને..................કરવો.
૨૦. ...................જીવને શિવ ન બનવા દે.

**પ્રશ્ન- ૨ એક શબ્દમાં જવાબ લખો -** ૧૫

૧. સ્થૂલભદ્રમુનિએ વિદ્યાથી શેનું રુપ કર્યું ?
૨. અભયસેન રાજાના મંત્રીશ્વરનું નામ શું હતુ ?
૩. અનિવૃતિકરણ કેટલા સમયની ક્રિયા છે ?
૪. સમ્યક્ત્વ કોને પ્રાપ્ત ન થાય ?
૫. વરાહ મિહીર મરીને શું થયો ?
૬. પાર્શ્વનાથ ભ. શાને શમાવનાર છે ?
૭. સ્થૂલભદ્રમુનિના પાટે ક્યા મુનિ આવ્યા ?
૮. કયા ન્યાયથી જીવ નિબીડ ગ્રંથીની પાસે આવે છે ?
૯. કડવા તુંબડાનું શાક ખાઇ જનાર મુનિ ક્યા દેવલોકમાં ગયા ?
૧૦. અંતરકરણ પહેલાં નીચેનાં દળિયાની ઉદિરણાને શું કહેવાય છે ?
૧૧. ધર્મરૂચિ અણગારના ગુરૂ કોણ હતા ?
૧૨. સમ્યગદૃષ્ટિનું ત્રીજું લક્ષણ કયું છે ?
૧૩. હાથીના ધોળા દંતશૂળ કોના જેવા છે ?
૧૪. બધાજ પાંચ શરીર કોને સંભવી શકે ?
૧૫. વેશ્યાએ નેપાળથી શું મંગાવ્યું ?

**પ્રશ્ન - ૩ નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** ૧૦

૧) કુંત ૨) ક્રિયતે ૩) અહિય ૪) તુર્યે ૫) મઇંદ ૫) ઉક્કોસ ૭) લુણ ૮) લોચિતં
૯) વેઉવ્વિય ૧૦) પહરણ ૧૧) ભીમં ૧૨) પુરા ૧૩) ભડા ૧૪) દીહ ૧૫) કરી
૧૬) ઉચ્ચતે ૧૭) દુગુણં ૧૮) તિક્ખ ૧૯) મુણિવઇ ૨૦) જહન્ન

**પ્રશ્ન - ૪ જોડકા જોડો (ફક્ત બી નો નંબર લખો)** ૧૦

| | A | B |
|---|---|---|
| ૧) | અભવ્ય | ૧) સમ્યગ્દર્શન |
| ૨) | મધ જેવા પીળા નેત્ર | ૨) ખચ્ચર |
| ૩) | વરરુચિ | ૩) અપૂર્વકરણ |
| ૪) | અગ્નિજેવા નેત્ર | ૪) તાપસી દીક્ષા |
| ૫) | વાયુકાય | ૫) ગજેન્દ્ર |
| ૬) | ભવ્ય | ૬) યથાપ્રવૃત્તિકરણ |
| ૭) | તેઈન્દ્રિય | ૭) સિંહ |
| ૮) | મિશ્રગુણસ્થાન | ૮) ત્રણ ગાઉ |
| ૯) | વરાહમિહિર | ૯) વૈક્રિય શરીર |
| ૧૦) | ગ્રંથિભેદ | ૧૦) શીઘ્રકવિ |

**પ્રશ્ન-૫ નીચે ના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. કેટલા દંડકોમાં વૈક્રિય શરીર હોતું નથી ?
૨. વીર પ્રભુ અને ભદ્રબાહુસ્વામીનું અંતર કેટલા વસ્સનું છે ?
૩. કેટલા ગુણસ્થાન પરભવમાં સાથે જતાં નથી ?
૪. ક્ષાયોપશમિક સમ્યક્ત્વની સ્થિતિ કેટલા સાગરોપમની છે ?
૫. 'નમિઉણ' ની કેટલામી ગાથામાં નવભયશમી જવાની વાત જણાવી છે ?
૬. મિશ્ર ગુણસ્થાને કેટલી પ્રકૃતિ બંધમાં હોય છે ?
૭. ત્રણ શરીર કેટલા દંડકમાં હોય છે ?
૮. સ્થૂલભદ્રસ્વામીનો યુગપ્રધાન પર્યાય કેટલા વરસનો હતો ?
૯. તિર્યંચની વૈક્રિય અવગાહના કેટલા યોજનની છે ?
૧૦. જિતશત્રુ રાજાને વરાહમિહીરે કેટલા પલનો મત્સ્ય આકાસમાંથી પડશે એમ જણાવ્યું ?

**પ્રશ્ન - ૬ નીચે ના વાક્યો સાચા ( ✓ ) છે ખોટા (×) તે જણાવો** ૧૦

૧. ભદ્રબાહુસ્વામીને દિગંબર સંપ્રદાય માન્યતા આપતા નથી
૨. જયણા જાળવવામાં પરમાત્માના શાસનમાં બતાવેલ આહાર વિધિ સહાયક બને છે.
૩. અનિવૃત્તિકરણની પૂર્ણાહુતિ થતાંજ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.
૪. અભવ્ય જીવો ક્ષાયિક સમ્યક્ત્વ ન પામી શકે, પણ ઉપશમ સમ્યક્ત્વ પામી શકે છે.
૫. ભદ્રબાહુસ્વામી પાંચસો સાધુઓને રોજ સાત વાચના આપતા હતા.
૬. દેવો જમીન થી ચાર આંગળ અદ્ધર હોય છે.
૭. શાક સમારતી બેન ના હાથે આહાર-પાણી લેવા સાધુને કલ્પે નહીં.
૮. કાર્મણ શરીર સર્વ આત્મપ્રદેશમાં વ્યાપ્ત હોવાથી એની અવગાહના મૂળ શરીરથી થોડી અધિક હોય છે.
૯. શ્રી પાર્શ્વજિનના નામનું સારી રીતે કીર્તન કરવાથી ઇત્યાદી ભય શમી જાય છે.
૧૦. વિકલોન્દ્રિયને ચાર શરીર હોય છે.

**પ્રશ્ન - ૭ નીચેનું વાક્ય ક્યા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. પરમાત્મ શાસનની સૂક્ષ્મતા-ગહનતા....અને દિર્ઘદૃષ્ટિ એમને સ્પર્શી ગઇ.
૨. રોગ,જલ,જલણ વિસહર, ચોરારિમદંઇ ગયરણભયાઇં.
૩. સવ્વેસિંપિ જહન્ના, સાહાવિય અંગુલસ્સ અસંખસો .
૪. તદર્ધપુદ્ગલાવર્ત્ત ભવૈર્ભવ્યૈરવાપ્ય તે ।
૫. તમો સૂત્રપાઠ માટે અયોગ્ય છો.
૬. ભયંકર મોટો ગજેન્દ્ર અતિ નજીક આવેલો હોય,તો પણ તેને ગણતા નથી.
૭. શું માતા પોતાના બાળક માટે ત્યાગ નથી કરતી.
૮. જઘન્યથી ૨૪ દંડકને વિષે અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલી હોય છે.
૯. આ શકડાલમંત્રી નંદરાજાને મારીને પોતના પુત્ર શ્રીયકને રાજ ગાદીએ બેસાડશે.
૧૦. કર્મ સિધ્દાંત મિથ્યાત્વમાંથી સમ્યગ્દર્શન પામવાનો વ્યવસ્થિત માર્ગ જણાવે છે.

**પ્રશ્ન - ૮ તમારી ભાષા માં સમજાવો** ૧૫

૧. અંતરકરણ સમજાવો.
૨. ભદ્રબાહુસ્વામિની સ્થૂલભદ્રને શિક્ષા અને પરિણામ સમજાવો.
૩. શરીર દ્વાર સમજાવો.
૪. છ કાયના જીવોની સાધુએ કેવી રીતે કાળજી કરવી જોઇએ.
૫. ક્રોધ પામેલો સિંહ કેવો છે ? એને કોણ ગણકારતું નથી ?

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ - ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઇટ www.shatrunjayacademy.com